# હવે બીજું શું બંધ થશે?




**અચાનક 20 ડિસેમ્બર, 2025 ના દિવસે અમેરિકાએ આ ડાઈવર્સિટી વિઝા લોટરી બંધ કરી દીધી છે. આ કૃત્યથી અનેક પરદેશીઓ, જેઓ ઈમિગ્રન્ટ વિઝાની અન્ય કોઈ લાયકાત ધરાવતા નહોતા અને ડાઈવર્સિટી વિઝા લોટરી દ્વારા ઈમિગ્રન્ટ વિઝા મેળવવા ઈચ્છતા હતા એ સઘળા નાસીપાસ થઈ ગયા છે**

**અમેરિકા વિઝા ગાઈડ**
★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

જો કોઈ પરદેશીને અમેરિકામાં કાયમ રહેવા જવું હોય તો એણે સૌપ્રથમ ઈમિગ્રન્ટ વિઝા મેળવવાના રહે છે. ઈમિગ્રન્ટ વિઝા જુદી જુદી રીતે પ્રાપ્ત થઈ શકે છે. જો તમારાં સંતાનો યા પતિ કે પત્ની અમેરિકન સિટિઝન હોય તો તેઓ તમારા ઈમિગ્રન્ટ વિઝા માટે 'ઈમિજિયેટ રિલેટિવ કેટેગરી'હેઠળ પિટિશન દાખલ કરી શકે છે અને તમને એક-દોઢ વર્ષની અંદર ઈમિગ્રન્ટ વિઝા, લાયકાત અને યોગ્યતા દર્શાવતાં, પ્રાપ્ત થઈ શકે છે.

તમારાં માતા-પિતા જો અમેરિકન સિટિઝન હોય તો તેઓ તમારા લાભ માટે 'ફેમિલી ફર્સ્ટ પ્રેફરન્સ'યા 'ફેમિલી થર્ડ પ્રેફરન્સ કેટેગરી'હેઠળ ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કરી શકે છે. તમારાં ભાઈ-બહેન જો અમેરિકન સિટિઝન હોય તો તેઓ પણ તમને ઈમિગ્રન્ટ વિઝા માટે પિટિશન દાખલ કરીને સ્પોન્સર કરી શકે છે. તમારા પતિ યા પત્ની જો ગ્રીનકાર્ડધારક હોય તો તેઓ તમારા માટે 'ફેમિલી સેકન્ડ પ્રેફરન્સ કેટેગરી'હેઠળ ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કરીને તમને અમેરિકામાં કાયમ રહેવા બોલાવી શકે છે.

આ ઉપરાંત ચાર જુદી જુદી 'એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ કેટેગરી'હેઠળ પણ જો અમેરિકન માલિકો તમને સ્પોન્સર્ડ કરે તો તમે ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકો છો. તમારી પાસે પૈસાની છૂટ હોય તો તમે અમેરિકાના નવા બિઝનેસમાં દસ લાખ ડોલર અને એ બિઝનેસ જો પછાત પ્રદેશમાં શરૂ કરો તો આઠ લાખ પચાસ હજાર ડોલર ઈન્વેસ્ટ કરીને, એ બિઝનેસમાં દસ અમેરિકનોને ફુલટાઈમ નોકરીમાં રાખીને, અને જાતે એ બિઝનેસ ચલાવીને ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકો છો. જો તમારે જાતે બિઝનેસ ન ચલાવવો હોય તો અમેરિકાની સરકારે માન્ય કરેલ રિજનલ સેન્ટરમાં પણ રોકાણ કરીને ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકો છો. આટલું જ નહીં, તમે 'અસાઈલમ'માગીને, 'રેફ્યુજી સ્ટેટસ'પ્રાપ્ત કરીને, અમેરિકાની મિલિટરીમાં ભરતી થઈને પણ ઈમિગ્રન્ટ વિઝા મેળવી શકો છો.

આ ઉપરાંત અમેરિકાના 'ધ ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ, 1952'માં જે દેશમાંથી બહુ ઓછા લોકોએ અમેરિકાનું ગ્રીનકાર્ડ પ્રાપ્ત કર્યું હોય એ દેશના લોકોને અમેરિકામાં કાયમ રહેવા આવવા માટેનો પ્રબંધ કરી આપ્યો છે. 'ધ ડાઈવર્સિટી વિઝા લોટરી'દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લાં પાંચ વર્ષમાં જે દેશમાંથી વધુ લોકોએ અમેરિકાના ઈમિગ્રન્ટ વિઝા મેળવ્યા હોય એમને બાદ કરતાં અન્ય દેશના લોકો આ ડાઈવર્સિટી વિઝા લોટરીમાં ભાગ લઈ શકે છે. એમણે ફક્ત પોતાનું નામ, રહેઠાણ અને ઉંમર જણાવીને અરજી કરવાની રહે છે. જો લોટરીમાં એમનું નામ ખેંચાઈ આવે તો એમને ઈમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે.

દર વર્ષે ભારતમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકાના ઈમિગ્રન્ટ વિઝા મેળવીને ત્યાં કાયમ રહેવા જાય છે. આથી ભારતીયો આ ડાઈવર્સિટી વિઝા લોટરીમાં ભાગ લઈ નથી શકતા, પણ જો કોઈ ભારતીયે એવા દેશમાં જન્મ લીધો હોય જે દેશના નાગરિકો આ લોટરીમાં ભાગ લઈ શકે એમ હોય અથવા તો જે દેશના લોકો આ લોટરીમાં ભાગ લઈ શકે એની જોડે ભારતીય વ્યક્તિએ લગ્ન કર્યાં હોય તો જન્મના આધારે તેમ જ લગ્નના આધારે એ ભારતીય આ ડાઈવર્સિટી વિઝા લોટરીમાં ભાગ લઈ શકે છે. દર વર્ષે પચાસ હજાર ઈમિગ્રન્ટ વિઝા અમેરિકાની સરકાર આ ડાઈવર્સિટી વિઝા લોટરી હેઠળ પરદેશીઓને આપે છે.

અચાનક 20 ડિસેમ્બર, 2025 ના દિવસે અમેરિકાએ આ ડાઈવર્સિટી વિઝા લોટરી બંધ કરી દીધી છે. આ કૃત્યથી અનેક પરદેશીઓ, જેઓ ઈમિગ્રન્ટ વિઝાની અન્ય કોઈ લાયકાત ધરાવતા નહોતા અને ડાઈવર્સિટી વિઝા લોટરી દ્વારા ઈમિગ્રન્ટ વિઝા મેળવવા ઈચ્છતા હતા એ સઘળા નાસીપાસ થઈ ગયા છે. એમનો અમેરિકામાં કાયમ રહેવા જવાનો રસ્તો બંધ થઈ ગયો છે.

અમેરિકાના 14ના બંધારણમાં જે સુધારો કરવામાં આવ્યો હતો એ 'બર્થ સિટિઝનશિપ' 20 જાન્યુઆરી, 2025ના 'બાન'કરી દેવામાં આવ્યો. આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો અને નીચલી કોર્ટોએ એને સ્થગિત કરી દીધો. એમાંથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી છે અને સુપ્રીમ કોર્ટના નિર્ણયની સૌ કાગડોળે વાટ જોઈ રહ્યા છે.

પરદેશી વિદ્યાર્થીઓ, જેઓ અમેરિકામાં 'F-1'સંજ્ઞા ધરાવતા સ્ટુડન્ટ વિઝા મેળવીને ભણવા જતા હતા તેઓ જ્યારે અમેરિકામાં પ્રવેશતાં ત્યારે બોર્ડર ઉપરના ઈમિગ્રેશન ઓફિસરો એમના પાસપોર્ટ ઉપર 'D/S'એવું લખતા. એનો અર્થ એમ થાય કે એ વ્યક્તિ જ્યાં સુધી સ્ટુડન્ટ સ્ટેટસ ધરાવે ત્યાં સુધી અમેરિકામાં રહી શકતી. બેચલર્સનો કોર્સ કરે, પછી માસ્ટર્સનો કોર્સ કરે, પછી પીએચ.ડી. કરે આ બધો સમય એ અમેરિકામાં રહી અને ભણી શકતી. જ્યાં સુધી એનો અભ્યાસ ચાલુ ત્યાં સુધી એ અમેરિકામાં રહી શકે. આથી અનેક પરદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં રહેવા માટે જ એમનું શિક્ષણ ચાલુ રાખતા. હવેથી પરદેશી વિદ્યાર્થીનો અભ્યાસકાળ ગમે તેટલા સમયનો હોય પણ એ ચાર વર્ષથી વધુ અમેરિકામાં રહી ન શકે. ચાર વર્ષ પૂરાં થાય, પણ એનો અભ્યાસ પૂરો થયો ન હોય, તો એણે સ્વદેશ પાછા આવીને ફરી પાછા સ્ટુડન્ટ વિઝા મેળવવા રહે.

આ ઉપરાંત પણ બીજા અનેક પ્રકારના વિઝા ઉપર વર્ષ 2025માં જુદી જુદી રીતે પાબંદી લગાડવામાં આવી છે. અમેરિકાના ઈમિગ્રેશનને લગતા કાયદાઓનું અત્યંત કડકપણે અમલ કરવાની શરૂઆત કરવામાં આવી છે. પરદેશીઓ અમેરિકાના માથે બોજારૂપ ન બને, અમેરિકાને હાનિ ન પહોંચાડે એની ખાસ તકેદારી રાખવાનું શરૂ કરવામાં આવ્યું છે. અમેરિકામાં પ્રવેશતી વ્યક્તિ 'પબ્લિક ચાર્જ'ન બને એનું પણ ખાસ ધ્યાન રાખવાની સૂચના ઈમિગ્રેશન ઓફિસરોને આપવામાં આવી છે. હવે આ ડાઈવર્સિટી વિઝા લોટરી બંધ કરી દેવામાં આવી છે. અમેરિકા હવે બીજું શું બંધ કરશે એ તો આપણે જોવાનું જ રહ્યું.

# 24 મી ડિસેમ્બર: રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન




**આજનો ગ્રાહક માત્ર દુકાનમાંથી વસ્તુ ખરીદતો નથી પરંતુ બેન્કિંગ, ઈન્શ્યોરન્સ, આરોગ્ય સેવાઓ, મુસાફરી, ઓનલાઈન શોપિંગ અને ડિજિટલ પેમેન્ટ જેવી અનેક સેવાઓ સાથે જોડાયેલો છે. આવી પરિસ્થિતિમાં જો ગ્રાહકને તેના અધિકારોની પૂરતી સમજ ન હોય તો તે સહેલાઈથી છેતરપિંડી અથવા ખોટી સેવાનો ભોગ બની શકે છે**

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

ડિજિટલ યુગમાં કન્ઝ્યુમર રાઈટ્સ જાણવા એટલા જ જરૂરી છે દર વર્ષે 24 ડિસેમ્બરના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ ગ્રાહકોને તેમના અધિકારો અંગે જાગૃત કરવો અને બજારમાં થતાં અન્યાય સામે તેમને સશક્ત બનાવવાનો છે. આજના ડિજિટલ યુગમાં, જ્યાં ઓનલાઈન ખરીદી, ઈ-કોમર્સ, ડિજિટલ પેમેન્ટ અને એપ આધારિત સેવાઓનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે ત્યાં કન્ઝ્યુમર રાઈટ્સ જાણવા એટલા જ જરૂરી છે.

ભારતમાં ગ્રાહક આંદોલનની શરૂઆત 24 ડિસેમ્બર, 1986ના રોજ થઈ હતી, જ્યારે ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, 1986 અમલમાં આવ્યો હતો. આ કાયદા દ્વારા પ્રથમ વખત ગ્રાહકોને કાયદેસર સુરક્ષા અને ફરિયાદ નિવારણ માટેની વ્યવસ્થા મળી. સમયાંતરે આ કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવ્યા અને વર્ષ 2019માં નવો ગ્રાહક સુરક્ષા અધિનિયમ અમલમાં આવ્યો, જેમાં ડિજિટલ વ્યવહાર અને ઈ-કોમર્સને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

આજનો ગ્રાહક માત્ર દુકાનમાંથી વસ્તુ ખરીદતો નથી પરંતુ બેન્કિંગ, ઈન્શ્યોરન્સ, આરોગ્ય સેવાઓ, મુસાફરી, ઓનલાઈન શોપિંગ અને ડિજિટલ પેમેન્ટ જેવી અનેક સેવાઓ સાથે જોડાયેલો છે. આવી પરિસ્થિતિમાં જો ગ્રાહકને તેના અધિકારોની પૂરતી સમજ ન હોય તો તે સહેલાઈથી છેતરપિંડી અથવા ખોટી સેવાનો ભોગ બની શકે છે.

ગ્રાહકને સલામતીનો અધિકાર પ્રાપ્ત છે, જેના હેઠળ જીવન અને આરોગ્યને નુકસાન પહોંચાડે તેવી વસ્તુઓ કે સેવાઓથી સુરક્ષા મળે છે. ઉપરાંત, ગ્રાહકને વસ્તુ અથવા સેવાની ગુણવત્તા, કિંમત, પ્રમાણ, બનાવટ, સમાપ્તિની તારીખ અને જોખમ અંગે સંપૂર્ણ માહિતી મેળવવાનો અધિકાર છે. ગ્રાહકને પસંદગી કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે, જેથી તે દબાણ અથવા મોનોપોલી વિના યોગ્ય વિકલ્પ પસંદ કરી શકે. જો ગ્રાહક સાથે અન્યાય થાય તો તેને પોતાની ફરિયાદ રજૂ કરવાનો અધિકાર છે. ખોટી સેવા, ખામીયુક્ત વસ્તુ કે અયોગ્ય વ્યવહારના કારણે થયેલા નુકસાન બદલ ગ્રાહક વળતર પણ મેળવી શકે છે. સાથે સાથે, ગ્રાહકને તેના અધિકારો અને ફરજો અંગે શિક્ષણ મેળવવાનો અધિકાર પણ કાયદામાં માન્ય રાખવામાં આવ્યો છે.

ડિજિટલ યુગમાં ખોટી જાહેરાતો, ફેક ડિસ્કાઉન્ટ, છુપાયેલ શરતો, ઓનલાઈન ફ્રોડ અને ડેટા પ્રાઈવસીના ઉલ્લંઘન જેવી સમસ્યાઓ સતત વધી રહી છે તેથી દરેક ગ્રાહકે કોઈ પણ વસ્તુ ખરીદતા અથવા સેવા લેતા પહેલાં તેની શરતો ધ્યાનપૂર્વક વાંચવી, બિલ અને દસ્તાવેજો સાચવી રાખવા અને જરૂર પડે ત્યારે યોગ્ય ગ્રાહક મંચનો આશરો લેવો જરૂરી છે.

માત્ર અધિકારો જ નહીં પરંતુ ગ્રાહકની કેટલીક ફરજો પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ગ્રાહકે જાગૃત રહેવું, ખોટી જાહેરાતોથી સાવચેત રહેવું, કાયદાનો દુરુપયોગ ન કરવો અને યોગ્ય મંચ પર જ પોતાની ફરિયાદ રજૂ કરવી જોઈએ.

અંતમાં એટલું જ કહી શકાય કે આજના સમયમાં ગ્રાહક માત્ર ખરીદદાર નથી પરંતુ સમગ્ર બજાર વ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. જેટલો ગ્રાહક જાગૃત અને જાણકાર હશે તેટલું બજાર વધુ પારદર્શક અને ન્યાયસભર બનશે. તેથી ડિજિટલ યુગમાં કન્ઝ્યુમર રાઈટ્સ જાણવા એટલું જ જરૂરી બન્યું છે.